ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તથા
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, મહેસાણાના સહયોગથી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા આયોજિત
જિલ્લા કક્ષાનો ૧૦મો

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫



District Level 10th EDUCATIONAL Innovation FESTIVAL 2024-25 MEHSANA

તા.૧૨,૧૩ અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫



**પ્રેરણા**
પી. કે. ત્રિવેદી
નિયામકશ્રી
જીસીઇઆરટી, ગાંધીનગર

**સંપાદન**
એસ. આર. યાદવ
લેક્ચરર અને ડિસ્ટ્રિક્ટ ઇનોવેશન સેલ કો. ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
મહેસાણા

**માર્ગદર્શક**
વિ.ડી. અટિયોલ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
મહેસાણા



# અહેવાલ લેખન

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કુકસ-મહેસાણા

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

## જિલ્લા એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ 2024-25

## અહેવાલ લેખન

જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મહેસાણા આયોજિત જિલ્લા એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ 2024-25 તા.12/02/25 થી 14/02/25 દરમિયાન ડાયટ મહેસાણા ખાતે યોજવામાં આવેલું.

ઈનોવેશન એટલે શિક્ષકે શાળા, વિદ્યાર્થીઓ, સમાજ અને દેશના વિકાસ માટે નવીનતમ વિચારોને અમલમાં મૂકી નવીન દિશામાં આગળ વધી ઉચ્ચ પરિણામો હાંસલ કરવા. આ હેતુ સિદ્ધ કરવા તથા જિલ્લાના શિક્ષકોના નવીન વિચારોને તક આપવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા દ્વારા 2024-25 દરમિયાન જિલ્લા એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું.

જિલ્લા એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલના ભાગરૂપે સર્વપ્રથમ અલગ-અલગ તાલુકાના શિક્ષકોના ઈનોવેશનનો ગુગલ ફોર્મના ઉપયોગ દ્વારા ઓન લાઈન રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. રજીસ્ટ્રેશન કરનાર શિક્ષકો માટે શેરીંગ વર્કશોપ તા.31/01/2025ના રોજ યોજાયો. જેમાં શિક્ષકોએ કરેલા નવાચારને રજૂ કરવામાં આવ્યાં. આ ઉપરાંત આગાઉના શ્રેષ્ઠ ઇનોવેશનનું શેરીંગ કરી શિક્ષકોને માહિતી આપવામાં આવી. ત્યારપછી ડી.આઈ.સી. કોઓર્ડીનેટર સીમાબેન યાદવ અને ઉપસ્થિત તજજ્ઞો દ્વારા ઇનોવેટીવ શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું અને ઇનોવેશન પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી. પસંદ થયેલા ઇનોવેશનમાં સુધારા વધારા કરી જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર માંથી આપેલ માર્ગદર્શન મુજબ યોગ્ય ફોર્મેટમાં લખવા માટે તા. 5/2/2025 થી 6/2/2025 એમ બે દિવસ દરમિયાન ઈનોવેશન રાઈટઅપ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપમાં જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, મહેસાણાના પ્રાચાર્ય વી.ડી. અઢિયોલ તથા DIC સીમાબેન યાદવ દ્વારા ઈનોવેશન રાઈટઅપ અંતર્ગત જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. ઈનોવેશનની આ સફરમાં સૌ ઈનોવેટીવ શિક્ષકો ઉત્સાહભેર જોડાયા. જેની શિક્ષકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે એજયુકેશનલ ઈનોવેશન

ફેસ્ટિવલ તા.12/02/2025 થી તા.14/02/2025 દરમિયાન યોજાયો. તા.12/02/2025ના રોજ દરેક ઈનોવેટીવ શિક્ષકે પોતાનો સ્ટોલ તૈયાર કરવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા ખાતે ઉપસ્થિત થયા. ચા-નાસ્તા બાદ સૌ શિક્ષક મિત્રો પોતાના સ્ટોલ તૈયાર કરવાની કામગીરીમાં જોડાયા. સ્ટેજ, મંડપ અને સમગ્ર આયોજન જોઈ શિક્ષકો આનંદિત થઈ ગયા. તા.13/02/2025ની ઉદ્દઘાટન બેઠક સવારે 10:00 કલાકે યોજવામાં આવી. જેમાં અધ્યક્ષ સ્થાને ડૉ. સતીષભાઈ પાઠક અને તેમના ધર્મપત્ની કવયિત્રી માલિનીબેન પાઠક પણ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શુભ શરૂઆત મહેમાનશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. આ પ્રસંગે ઇનોવેટીવ શિક્ષક દિપ્તીબેન જોશીએ ઉદ્દઘોષક તરીકેની ભૂમિકા નિભાવી હતી અને શ્લોકગાન કરી પ્રભુનું સ્મરણ કરાવ્યું હતું. મા સરસ્વતીની વંદના તથા અભિનય સાથે સ્વાગત ગીતનું કુકસ પ્રાથમિક શાળાની બાલિકાઓ દ્વારા સુંદર રજૂઆત કરવામાં આવી હતી. DIC કો-ઓર્ડિનેટર સીમાબેન યાદવ દ્વારા મહેમાનશ્રીઓનો પરિચય કરાવી શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેસાણા પરિવાર દ્વારા આમંત્રિત મહેમાનોનું મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મહેમાનશ્રીઓનાં સ્વાગત બાદ પધારેલ કેળવણી નિરીક્ષકશ્રીઓ, BRC મિત્રો, અન્ય મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આદરણીય ડાયટ પ્રાચાર્ય વી.ડી. અઢિયોલ , DEO કચેરીમાંથી પધારેલ મુકેશભાઈ, લાઈટ હાઉસ વિઠોડા અનુપમ પ્રાથમિક શાળાના આચાર્ય કનુભાઈ અને અતિથિ વિશેષ ડૉ. સતિષભાઈ પાઠક દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન રજૂ કરી સૌ ઈનોવેટીવ શિક્ષકોને પ્રેરણાબળ પૂરું પાડવામાં આવ્યું હતું. મહેમાનશ્રીઓ દ્વારા ઇનોવેશન પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું.

ઉદ્ઘાટન સમારોહના સમાપન કાર્યક્રમમાં ડાયટના સિનિયર લેકચરર ડૉ. સીતાબેન રબારી દ્વારા મહેમાનોના કાર્યને આભારસહ દીપાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનશ્રીઓ દ્વારા ઇનોવેશન ફેસ્ટિવલનું અનાવરણ કરવામાં આવેલું. સર્વપ્રથમ ઉપસ્થિત મહેમાનશ્રીઓ દ્વારા સ્ટોલની મુલાકાત કરવામાં આવેલી તથા શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યું. મહારાષ્ટ્ર રાજ્ય માંથી આવેલ ડાયટની ટીમ પણ ઈનોવેશન ફેસ્ટિવલની મુલાકાત કરી શિક્ષકોના નવચારને બિરદાવ્યા હતા.

ઇનોવેટીવ શિક્ષકોના ઇનોવેશન ઉપરાંત મુલાકાતી શિક્ષકોને શાળા ઇનોવેશનની માહિતી આપવા માટે એક સ્ટોલ શાળામાં SIC રચના અને માર્ગદર્શન માટેનું હતું.

સાયબર ક્રાઇમથી બચવા માટેના માર્ગદર્શન માટે SBIના મિત્રો દ્વારા પણ સ્ટોલ ઊભો કરવામાં આવ્યો હતો. મહેસાણા જિલ્લાની બે લાઈટ હાઉસ શાળાઓ  વિઠોડા અનુપમ પ્રાથમિક શાળા તા.ખેરાલુ અને ઈન્દિરાનગર (બાલસાસણ) પ્રાથમિક શાળા તા.જોટાણા દ્વારા શાળાની વિશિષ્ટ સિધ્ધિઓ અને કામગીરી દર્શાવતા સ્ટોલ રજૂ કરેલા. આમ મહેસાણા જિલ્લાના કુલ 42 ઇનોવેટીવ આઈડિયા આ કાર્યક્રમમાં રજુ કરવામાં આવ્યા હતા.

તૃતીય દિવસે ચા-નાસ્તા બાદ ઈનોવેટીવ શિક્ષકો પોતાના સ્ટોલ પર હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનો અને જિલ્લાના શિક્ષકો ઈનોવેશન સ્ટોલની મુલાકાત લીધી હતી. નિર્ણાયકશ્રીઓ એ પણ ત્રણે દિવસ સ્ટોલની મુલાકાત કરી પોતાની સુંદર કામગીરી  કરી હતી. બપોરના સાત્વિક ભોજન બાદ બપોર પછી સમાપન બેઠક યોજવામાં આવી હતી. જેમાં અધ્યક્ષસ્થાને GCERTના સચિવ માનનીય એસ.જે. ડુમરાળિયા ઉપસ્થિત રહ્યા હતા. DPEO મહેસાણા શરદભાઈ ત્રિવેદી એ પણ હાજરી આપીને શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરના સચિવ માનનીય એસ.જે. ડુમરાળિયા દ્વારા શિક્ષકોને હળવી શૈલીમાં પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તમામ ઈનોવેટીવ શિક્ષકોને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. DIET પ્રાચાર્યશ્રી વી.ડી.અઢીયોલ સાહેબશ્રી દ્વારા સમગ્ર કાર્યક્રમની સુંદર રીતે સમીક્ષાત્મક ઝલક આપવામાં આવી. ડી.આઈ.સી. કો-ઓર્ડીનેટર સીમાબેન યાદવ દ્વારા શિક્ષકોના કાર્યને બિરદાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનશ્રીઓ તથા કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી તમામનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહૂતિ જાહેર કરવામાં આવી હતી. આ સમગ્ર ઇનોવેશન કાર્યક્રમમાં 443 લાભાર્થી અને કુલ ખર્ચ 4,66,427/- અંકે રુપિયા ચાર લાખ છાછઠ હજાર ચાર સો સત્યાવીસ પુરા થયેલ હતું. આમ જિલ્લા એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ 2024-25 સફળ રીતે પૂર્ણ થયેલ.

# ઇનોવેટીવ શિક્ષકોની યાદી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા
## ઇનોવેશન ફેસ્ટિવલ 2024-25

D.I.E.T. MEHSANA

GCERT

| ક્રમ | ઈનોવેટરનું નામ | ઈનોવેશનનું શીર્ષક | વિભાગ | |
|---|---|---|---|---|
| ૧ | મોદી ઉર્વશીબેન વિનોદકુમાર | રમકડાં રમીએ.. ઇન્દ્રિયો કેળવીએ | પ્રાથમિક | |
| ૨ | વ્હોરા શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ | બાલસૃષ્ટિ આવી... મનોરંજન લાવી | પ્રાથમિક | |
| ૩ | ઠાકોર કનુજી કેશાજી 'કનકસિંહ' | શબ્દ રમતથી શબ્દભંડોળ | પ્રાથમિક | |
| ૪ | રાજેશકુમાર માંડણભાઈ દેસાઈ | સામાજિક વિજ્ઞાન વિષયને જાણવા કરતાં માણીએ | માધ્યમિક | |
| ૫ | પ્રજાપતિ કિપાલીબેન સુરેશભાઈ<br>ભાવિબેન રમેશચંદ્ર પટેલ | રમત સાથે જ્ઞાન | પ્રાથમિક | |
| ૬ | માંગુકિયા હિરલ રાઘવજીભાઈ | અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરાવવા માટેની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ | પ્રાથમિક | |
| ૭ | ચૌધરી વર્ષાબેન હેમતાભાઇ | પ્રોજેક્ટ પ્રવૃત્તિ દ્વારા અને ગીત ગાતા ગાતા શીખીએ ભાષા સજ્જતા | પ્રાથમિક | |
| ૮ | રતનભાઈ ઠાકોર | પ્લાસ્ટિક મુક્ત શાળા | માધ્યમિક | |
| ૯ | પટેલ પ્રજ્ઞાબેન પ્રવિણભાઈ | બાળવાર્તા - મેટ્રો ટ્રેનની સફરે | પ્રાથમિક | |
| ૧૦ | પરમાર લીનાબેન જયંતિલાલ | મહોરાં દ્વારા કાવ્યશિક્ષણ | પ્રાથમિક | |
| ૧૧ | ચૌધરી આશિષકુમાર મહાદેવભાઈ | વિહરતા વિચારીએ વિજ્ઞાન | પ્રાથમિક | |
| ૧૨ | કુરેશી તહેરાનખાન હુસેનચાવારખાન | ક્વિઝ બોર્ડ | પ્રાથમિક | |
| ૧૩ | પટેલ નીતાબેન ધર્મેન્દ્રકુમાર | સહ અભ્યાસિક પ્રવૃત્તિ દ્વારા સર્વાંગી વિકાસ | પ્રાથમિક | |
| ૧૪ | શાહ જાગૃતિબેન સેવંતીલાલ | IMPROVE READING AND WRITING IN ENGLISH BY USING PHONETICS METHOD. | પ્રાથમિક | |
| ૧૫ | રાવળ વિજયકુમાર ભીખાભાઈ | EASY ENGLISH | પ્રાથમિક | |
| ૧૬ | પટેલ નવિનચંદ્ર કરશનભાઈ | પ્રવૃત્તિથી પારંગત થઈએ | પ્રાથમિક | |
| ૧૭ | ચાવડા મિતલબેન અમૃતલાલ | અંગ્રેજી વાંચન - લેખન અભિવૃદ્ધિ | પ્રાથમિક | |
| ૧૮ | પ્રજાપતિ વિશાખાબેન મુકેશભાઇ | વિદ્યાર્થીઓની શૈક્ષણિક સ્થિતિની જાણકારી માટે એપ્લિકેશનની રચના | માધ્યમિક | |
| ૧૯ | ડૉ. મિહિર એન. સોલંકી<br>ચૌધરી જાગૃતિબેન શંકરલાલ | ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ કોડિંગ કૌશલ્ય શીખે | પ્રાથમિક | |
| ૨૦ | પ્રજાપતિ મેહુલકુમાર મોહનભાઈ | Scratch Pictoblox દ્વારા શિક્ષણ અને CT, Ideathon-Hackathon પ્રવૃત્તિઓ | પ્રાથમિક | |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા
# ઇનોવેશન ફેસ્ટિવલ 2024-25

| ક્રમ | ઈનોવેટરનું નામ | ઈનોવેશનનું શીર્ષક | વિભાગ | |
|---|---|---|---|---|
| ૨૧ | રાજ કાર્તિક પી.<br>ડૉ. જનકકુમાર એમ. ગજ્જર | નિર્જીવ શિક્ષક | પ્રાથમિક | |
| ૨૨ | મહેન્દ્રકુમાર રામજીભાઇ ચૌધરી | ડિજિટલ ટેક્નોલોજી આધારીત - સોશિયલ મીડિયાનો શિક્ષણ/મૂલ્યાંકનમાં ઉપયોગ | માધ્યમિક | |
| ૨૩ | દવે જ્યોત્સનાબેન બાબુભાઈ | જૈવિક કચરા થકી વર્મી કમ્પોસ્ટ ખાતરનું નિર્માણ | પ્રાથમિક | |
| ૨૪ | સંગીતાબેન પી. રાવલ | વસ્ત્રમ પ્રોજેક્ટ | પ્રાથમિક | |
| ૨૫ | શ્રી કલ્પેશકુમાર ઘનવંતભાઈ મલેશિયા | સાર્વભૌમિક સદ્બુદ્ધિની પ્રાર્થના ગાયત્રી મહામંત્ર દ્વારા બાળકોની સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરવાનો પ્રયાસ | પ્રાથમિક | |
| ૨૬ | સોલંકી મનોજકુમાર સોમાભાઇ | સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઓપન પ્લેટફોર્મ (ડિજિટલ શિક્ષણ રથ) | પ્રાથમિક | |
| ૨૭ | પટેલ યોગેશ્વરીબહેન બળદેવભાઈ | અવલોકન શક્તિનો વિકાસ | પ્રાથમિક | |
| ૨૮ | પ્રજ્ઞેશકુમાર પથુભાઇ દેસાઈ | શેરી પ્રાર્થના | પ્રાથમિક | |
| ૨૯ | જોશી દિપ્તીબેન ધીરજકુમાર | આજનું ઉખાણું | પ્રાથમિક | |
| ૩૦ | ભટ્ટ નીપાબેન અશોકકુમાર | જન્મદિવસ પુરસ્કારથી મૂલ્યોનું ઘડતર | પ્રાથમિક | |
| ૩૧ | પટેલ રાકેશકુમાર ચંદુલાલ<br>પાધ્યાય જૈમિનીબહેન રાજેન્દ્રકુમાર | ચાલો ગણિત સમજીએ | પ્રાથમિક | |
| ૩૨ | વિરલબેન પૃથ્વીસિંહ ચૌધરી | C.T. ROOM | પ્રાથમિક | |
| ૩૩ | પટેલ સંજયકુમાર રામાભાઇ | વાર્તા દ્વારા વાંચન અર્થગ્રહણ | પ્રાથમિક | |
| ૩૪ | ચૌધરી પલ્કાબેન જીવરામભાઈ | ચાલો થોડું સામાન્ય જ્ઞાન વધારીએ | પ્રાથમિક | |
| ૩૫ | ચૌધરી હિરેનકુમાર મુકેશભાઈ | PM POSHAN - મારો મિત્ર | પ્રાથમિક | |
| ૩૬ | ગિરીશભાઇ અંબાલાલ પટેલ | વિવિધ વનસ્પતિને જાણો | માધ્યમિક | |
| ૩૭ | ઇન્દિરાનગર પ્રાથમિક શાળા,બાલસાસણ | મારી શાળા લાઈટ હાઉસ શાળા | પ્રાથમિક | |
| ૩૮ | પીએમશ્રી શ્રીમતી કે.બી.શાહ અનુપમ પ્રાથમિક શાળા, વિઠોડા. | મારી શાળા લાઈટ હાઉસ શાળા | પ્રાથમિક | |
| | | | | |
| | | | | |

# ઇનોવેશન ફેસ્ટિવલની એક ઝલક













































| જિલ્લા કક્ષાથી ઝોન કક્ષા માટે પસંદ થયેલ ઇનોવેટર્સ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નામ | સ્કુલ | તાલુકો | MO.NO |
| પ્રાથમિક વિભાગ | | | | |
| 1 | દવે જ્યોત્સનાબેન બાબુભાઈ | વડોસણ આદર્શ પ્રાથમિક શાળા | મહેસાણા | 9913270533 |
| 2 | ડૉ.મિહિર એન.સોલંકી અને ચૌધરી જાગૃતિબેન શંકરલાલ | મહેસાણા પ્રાથમિક શાળા નં.3 | મહેસાણા | 9510137377 |
| 3 | ચૌધરી આશિષકુમાર મહાદેવભાઈ | કલ્યાણપુરા(ખે) પ્રાથમિક શાળા | ખેરાલુ | 9725832927 |
| 3 | જોશી દિપ્તીબેન ધીરજકુમાર | ધોળાસણ પ્રાથમિક શાળા | જોટાણા | 9898785881 |
| માધ્યમિક/ઉ.માધ્યમિક વિભાગ | | | | |
| 1 | ચૌધરી મહેન્દ્રકુમાર રામજીભાઈ | કે.પી.પટેલ સેકન્ડરી અને એસ.યુ.પટેલ ઉ.મા.શાળા | વિજાપુર | 9601283846 |
| 2 | દેસાઈ રાજેશકુમાર માંડણભાઈ | શ્રી જયકોરબાઈ વિદ્યામંદિર, ખેરવા | મહેસાણા | 9726764488 |